## બં. અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે યોજાયેલ “થેલેસેમિયા જાગૃતિ અને નિદાન કેમ્પ”

યુવાઓમાં થેલેસેમિયા અંગે જાગૃતિ આવે તે હેતુસર બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદના એન.એસ.એસ. યુનિટ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે તા. ૦૮/૧૨/૨૦૨૩ના રોજ “થેલેસેમિયા જાગૃતિ અને નિદાન કેમ્પ”નું આયોજન કરવામાં આવેલ. હાલમાં, ગુજરાત રાજ્યમાં ૮,૦૦૦ બાળકો અને ભારત દેશમાં ૧,૦૦,૦૦૦ જેટલાં બાળકો થેલેસેમિયા મેજર ધરાવે છે. દર વર્ષે ભારતમાં ૧૦,૦૦૦ નવા બાળકો થેલેસેમિયા મેજર સાથે જન્મે છે, જ્યારે દર વર્ષે ગુજરાતમાં ૭૦૦ થી ૮૦૦ નવા બાળકો આ રોગ સાથે જન્મે છે. કોલેજના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ. વાય. એમ. શુક્લએ વિદ્યાર્થીઓને થેલેસેમિયા જેવા ગંભીર રોગની ઉપેક્ષા કરવાથી ઉદભવતા પ્રશ્નો વિશે જણાવ્યું હતું અને યુવાનોને ફરજીયાતપણે થેલેસેમિયા પરીક્ષણ કરાવવા જણાવ્યું હતું. ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદથી પધારેલ મેડીકલ ઓફિસરશ્રી જયંતીભાઈએ થેલેસેમિયા મેજર અને માયનોર વિશે વિગતવાર જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ, અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. સહદેવ લુહાર દ્વારા કરવામાં આવ્યું હતું.





